RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 52 Date: 13.12.2023 Wednesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# રાજસ્થાનમાં સરકારનું ચિત્ર ક્લિયર : ભજનલાલ શર્મા નવા સીએમ બનશે



રાજસ્થાનના નવા મુખ્યમંત્રીની જાહેરાત કરવામાં આવી છે. સાંગાનેરના ધારાસભ્ય ભજનલાલ શર્માને ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા છે. પ્રદેશ કાર્યાલય ખાતે મળેલી ધારાસભ્ય દળની બેઠકમાં ભાજપ હાઈકમાન્ડ દ્વારા નક્કી કરાયેલા નામની જાહેરાત કરવામાં આવી હતી અને ભજનલાલ શર્માના નામ પર સૌએ સહમતી દર્શાવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, વસુંધરા રાજેએ જ નવા મુખ્યમંત્રીના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો. ભજનલાલ શર્મા સંઘની પૃષ્ઠભૂમિમાંથી આવે છે. તેઓ મૂળ ભરતપુરના રહેવાસી છે. હાલમાં તેઓ પ્રદેશ મહામંત્રીપદ પણ સંભાળી રહ્યા હતા. ધારાસભ્યોના ગ્રુપ ફોટોમાં ભજનલાલ શર્મા ચોથી હરોળમાં બેઠા હતા.આ સાથે દિયા કુમારી અને પ્રેમચંદ બૈરવા ડેપ્યુટી સીએમ હશે, જ્યારે વાસુદેવ દેવનાની વિધાનસભાના અધ્યક્ષ હશે. બેઠક પહેલાં રાજનાથ સિંહે ભાજપના તમામ વરિષ્ઠ નેતાઓ સાથે મુલાકાત કરી હતી. મળતી માહિતી મુજબ, રાજનાથ સિંહે બેઠક પહેલાં જ વસુંધરા રાજેને નવા મુખ્યમંત્રીના નામ માટે મનાવી લીધા હતા.વિધાયક દળના નેતા તરીકે ચૂંટાયા બાદ ભજનલાલ શર્માએ કહ્યું હતું કે તેઓ રાજસ્થાનના સર્વાંગી વિકાસ માટે ભાજપના તમામ નેતાઓ સાથે મળીને કામ કરશે. સાંગાનેરથી ધારાસભ્ય અશોક લાહોટીની ટિકિટ કાપીને ભજનલાલ શર્માને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા.રાજ્યના મુખ્યાલયમાં બેઠક પહેલાં રાજનાથ સાથે તમામ ધારાસભ્યોનું ગ્રુપ ફોટો સેશન થયું. ફોટો સેશન દરમિયાન વસુંધરા રાજે રક્ષામંત્રી રાજનાથ સિંહની બરાબર બાજુમાં બેઠાં હતાં. ચોથી હરોળમાં ભજનલાલ શર્મા બેઠા હતા. દિયા કુમારી બીજી હરોળમાં હતાં.રાજનાથ સિંહ નવા મુખ્યમંત્રીનું નામ લઈને આવ્યા. બેઠક પહેલાં તેમણે હોટલમાં પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે સાથે વન ટુ વન વાતચીત કરી હતી. બંને વચ્ચે લગભગ ૧૦ મિનિટ સુધી વાતચીત ચાલી. આ પછી થોડીવાર સુધી તમામ નેતાઓ વચ્ચે ચર્ચા ચાલી. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજનાથ સિંહે હોટલમાં જ વસુંધરાને કહ્યું હતું કે તેમને રાજસ્થાનના નવા મુખ્યમંત્રી બનાવવામાં નહિ આવે, જો કે નવા સીએમના નામની જાણકારી તેમને ધારાસભ્ય દળની બેઠક પહેલાં જ આપવામાં આવી હતી.

## વરિષ્ઠ આદિવાસી નેતા વિષ્ણુદેવ સાંઈ ૧૩ ડિસેમ્બરે રાજ્યના ચોથા મુખ્યમંત્રી તરીકે શપથ લેશે,વડાપ્રધાન પણ ભાગ લેશે

રાયપુર,તા.૧૨

છત્તીસગઢમાં ભાજપ વિધાયક દળની બેઠક બાદ મુખ્યમંત્રીના નામની જાહેરાત કરવામાં આવી છે. આદિવાસી સમાજના દિગ્ગજ નેતા વિષ્ણુદેવ સાંઈ છત્તીસગઢના ચોથા મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા છે. નવા મુખ્યમંત્રીનો શપથ ગ્રહણ સમારોહ ૧૩ ડિસેમ્બરે યોજાશે. રાજધાની રાયપુરમાં સાયન્સ કોલેજના મેદાનમાં શપથ ગ્રહણ સમારોહ યોજાશે. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડા, ઘણા રાજ્યોના મુખ્યમંત્રીઓ સહિત ઘણા વરિષ્ઠ નેતાઓ ભાગ લઈ શકે છે. આ માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

શપથ ગ્રહણની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. સવારથી જ ભાજપના કાર્યકરો, આગેવાનો અને ધારાસભ્યો પણ હાજર છે. આ સાથે રાયપુરના કલેક્ટર ડૉ. સર્વેશ્વર નરેન્દ્ર ભુરે અને એસએસપી પ્રશાંત અગ્રવાલ પણ હાજર છે. તેઓ તમામ તૈયારીઓ પર નજર રાખી રહ્યા છે. આ કાર્યક્રમમાં પીએમ મોદીના આગમન માટે પૂરતા પ્રમાણમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

## ગાંધીનગરમાં પુત્રને વ્યાજનાં વિષચક્રમાંથી બહાર લાવવા પિતાએ પણ ઊંચા વ્યાજે પૈસા લીધા, છતાં ૧૬ વ્યાજખોરોએ ત્રાસ આપતા યુવાને જીવન ટુંકાવ્યું

ગાંધીનગરના સેક્ટર - ૪ ના યુવાને ધંધાર્થે લીધેલા પૈસાની અવેજીમાં ઊંચા વ્યાજની કડક ઉઘરાણી કરીને મરવા માટે મજબુર કરવામાં આવતો હતો. આખરે વ્યાજના વિષચક્રમાં ફસાયેલા યુવાને ૧૬ વ્યાજખોરોનાં ત્રાસથી કંટાળીને ઝૂંડાલ નર્મદા કેનાલમાં પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. આ મામલે અડાલજ પોલીસે ૧૬ વ્યાજખોરો સામે દુષ્પ્રેરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




ગાંધીનગરના સેક્ટર - ૪/બી, પ્લોટ નંબર - ૪૭૭/૨ માં રહેતાં હસમુખભાઈ રામજીભાઈ ચૌહાણનો ૩૨ વર્ષીય પુત્ર અભિષેક આઠેક વર્ષથી ચાંદખેડા આઈ.ઓ.સી રોડ ઉપર આવેલ શ્યામ કોમ્પ્લેક્ષમાં ભાડાની દુકાનમાં નીલકંઠ નોવેલ્ટી એન્ડ ગીફ્ટ આર્ટીકલનો ધંધો કરતો હતો. આજથી દોઢેક વર્ષ અગાઉ તણાવમાં રહેતા અભિષેકે પિતાને જણાવેલ કે, કોરોનાના સમય વખતે ધંધામાં નુકસાની થતાં દુકાને આવતાં મિત્રો તથા કસ્ટમરો પૈકી સુરજ શેખાવત (રહે. ચાંદખેડા) પાસેથી ૧૫ ટકાના વ્યાજે ૬૫ હજાર, ભરતભાઈ ઠાકોર (રહે. સાબરમતી) પાસેથી ૧૦ ટકાના વ્યાજે ૧૦ હજાર, ડી.પી.ફાઈનાન્સ ચલાવતા નીકું પટેલ પાસેથી ૬ ટકાના વ્યાજે ૫૦ હજાર, વિષ્ણુભાઈ દેસાઈ (રહે.ગોતા) પાસેથી ૮ ટકાના વ્યાજે ૧ લાખ, પિયુષ ચૌધરી (રહે.સેક્ટર - ૨,ગાંધીનગર) પાસેથી ૧૦ ટકાના વ્યાજે ૧ લાખ લીધા હતા.આ ઉપરાંત પુનમચંદ સોલંકી (રહે. ચાંદખેડા) પાસેથી ૫ ટકાના વ્યાજે ૫ લાખ, હિતેષ રબારી (રહે.ત્રાગડ) પાસેથી ૧ લાખ ડેઈલી ૧૦૦૦ પેટે લીધા હતા. તેમજ જતીન પટેલ (રહે.રાણીપ) પાસેથી ૫ ટકાના વ્યાજે ૪ લાખની સામે બે લાખ ચુકવી દીધા હતા. આમ દીકરાની વાત સાંભળીને હસમુખભાઈએ પણ દુકાને જવા માંડયા હતા અને ઉક્ત લોકોને તેઓના વ્યાજની રકમ દર મહીને તેમણે ચૂકવી હતી. ત્યારે પાંચેક મહિના પહેલા અભિષેકે તેના પિતાને કહેલું કે, ચાંદખેડા રહેતા હેતલ પ્રજાપતિ - વિશાલ પ્રજાપતી, કવિતા તેમજ નીખીલ પટેલ પણ ઊંચા વ્યાજે પૈસાની ઉઘરાણી કરી રહ્યા છે. આમ વ્યાજખોરોના ત્રાસથી દુકાન - ફોન પણ બંધ કરી દેવાની અભિષેકને ફરજ પડી હતી.

હસમુખભાઈએ રંજનબેન (રહે. મોટી આદરજ) પાસેથી ૮ લાખ, દામીનીબેન (રહે. સેક્ટર-૧૪)પાસેથી બે લાખ ૫ ટકે, વિજય પરમાર (રહે. જ ટાઈપ બ્લોક નં.૬૩, બીજોમાળ, સેક્ટર-૧૩) પાસેથી ૧૦ ટકે બે લાખ, શિવરાજસિંહ ચૌહાણ( મા ફાયનાન્સ રહે . સેક્ટર-૫) દસ ટકા વ્યાજે દસ વર્ષ પહેલા લીધેલ ત્યારથી દર મહીને રૂ.૧૨, ૫૦૦ ચુકવેલ હતા. તેમ છતાં વ્યાજખોરોનો ત્રાસ ઓછો નહી થતાં અભિષેક છઠ્ઠી ડિસેમ્બરે ઘરેથી નીકળી ગયો હતો.જેની આસપાસના વિસ્તારો ઉપરાંત કેનાલ બાજુ તપાસ કરતા તેના ચપ્પલ ઝુંડાલ કેનાલ બહારથી મળી આવ્યા હતા. આથી હસમુખભાઈએ પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ત્યારે ૯ મી ડિસેમ્બરે અભિષેકની લાશ બાવલું પોલીસની હદ મણીપુરા-દુધાઈ કેનાલમાંથી મળી આવી હતી. જેનાં ખિસ્સામાંથી એક ચિઠ્ઠી પણ પોલીસને મળી આવી હતી. આ અંગે હસમુખભાઈની ફરીયાદના આધારે અડાલજ પોલીસે ઉક્ત ૧૬ વ્યાજખોરો સામે દુષ્પ્રેરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જુનાગઢમાં ડુંગળીની નિકાસ બંધ કરી દેતા ખેડૂતો પારાવાર મુશ્કેલીમાં મુકાયા

જૂનાગઢ,તા.૧૨

કેન્દ્ર સરકાર દ્વારા ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ લગાવી દેતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે જેથી ભારતીય કિસાન સંઘ દ્વારા ડુંગળીની નિકાસ પરથી પ્રતિબંધ હટાવવા મુખ્યમંત્રીને પત્ર લખી માંગ કરવામાં આવી છે. ખેતી પાકોના ભાવમાં નિયંત્રણ લાવવા ડુંગળીની નિકાસ કરવા પર પ્રતિબંધ મુકતા ખેડૂતો બરાબર મુશ્કેલીમાં મુકાયા છે ખેડૂતોને જે ડુંગળીના ૭૦૦ ત્રણ દિવસ પહેલા મળતા હતા તેના હવે સીધા જ ૪૦૦ રૂપિયા મળતા ખેડૂતોની હાલત દયનીય બની છે અને ખેડૂતોએ લીધેલ બિયારણ પણ માથે પડ્યું છે.ખેડૂતોને દિવસેને દિવસે રાતા પાણીએ રોવાનો વારો આવી રહ્યો છે ત્યારે વધુ એક વાર ડુંગળીની નિકાસ બંધ કરી દેતા ખેડૂતો પારાવાર મુશ્કેલીમાં મુકાયા છે જેથી ભારતીય કિસાન સંઘ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખીને વહેલી તકે ડુંગળીની નિકાસ પરથી પ્રતિબંધ હટાવવા માંગણી કરવામાં આવી છે

## વડોદરાના સાવલી તાલુકામાં ગાજાંનાં જથ્થા સાથે એકની ઘરપકડ



વડોદરા,તા.૧૨

સાવલી તાલુકાના ગુતરડી ગામે રાવળવગામાં રહેતો લક્ષ્મન ચીમન રાવળ પોતાનાં ઘરમાં નશાકારક ગાંજાનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે. તેવી બાતમીના આધારે જિલ્લા એસઓજીએ દરોડો પાડી તપાસ હાથ ધરતા તેનાં ઘરમાંથી ૫ કિલો ૯૦૦ ગ્રામ ગાંજાનો જથ્થો મળતાં લક્ષ્મણની ઘરપકડ કરવામાં આવી હતી. અને કુલ રૂ.૬૪૫૦૦નો મુ?દામાલ કબજે કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનિય છે કે એક વર્ષ અગાઉ પણ તે ઝડપાયો હતો.

## હવે તલાટી બનવા ગ્રેજ્યુએશન જરૂરી:ધો. ૧૨ પાસ વિદ્યાર્થી તલાટી કમ મંત્રીની પરીક્ષા નહીં આપી શકે, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળનો નિર્ણય




ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળે તલાટી કમ મંત્રીની પરીક્ષાને લઈ નિયમોમાં ફેરફાર કર્યા છે. નવા નિયમ મુજબ, આ પરીક્ષા આપવા માટે ઉમેદવાર પાસે ગ્રેજ્યુએશનની લાયકાત હોવી જરૂરી છે. હવે ધો. ૧૨ પાસ વિદ્યાર્થી તલાટી કમ મંત્રીની પરીક્ષા આપી શકશે નહી.તલાટી કમ મંત્રીની છેલ્લે મે મહિનામાં પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં રાજ્યનાં ૨૬૯૭ કેન્દ્રો પર પરીક્ષા લેવામાં આવી હતી. પાંચ વર્ષ બાદ ૩૪૦૦થી વધુ જગ્યાઓ તલાટી કમ મંત્રીની પરીક્ષા લેવામાં આવી હતી. અંદાજે ૮.૫૦ લાખથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. રાજ્યમાં શાંતિપૂર્ણ માહોલમાં તલાટીની પરીક્ષા યોજાઈ હતી.

થોડા સમય પહેલાં જ રાજ્યમાં તલાટી કમ મંત્રી અને જુનિયર ક્લાર્કની પરીક્ષા પાસ કરનારા ઉમેદવારોને ગાંધીનગરમાં નિમણૂક પત્ર આપવામાં આવ્યા હતા.

## ગાંધીનગરના કુડાસણમાં કુરિયર ઓફિસમાંથી અલગ અલગ કંપનીના રૂ. ૩.૪૭ લાખથી વધુની કિંમતના મોબાઈલ ચોરાયા

ગાંધીનગરના કુડાસણમાં સિલિકોન વેલી કોમ્પલેક્ષનાં બેઝમેન્ટમાં આવેલ ફલિપકાર્ડની કુરિયર ઓફિસમાંથી અલગ અલગ કંપનીના રૂ. ૩ લાખ ૪૭ હજારથી વધુની કિંમતના મોંઘાદાટ મોબાઈલ ઉપરાંત અન્ય મોબાઈલ ફોન તેમજ સર સામાનની ચોરી થયાં અંગે ઈન્ફોસિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. જેને પગલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.




ગાંધીનગરના કુડાસણ સિલિકોન વેલી કોમ્પલેક્ષના બેઝમેન્ટમાં એનટેશ ટ્રાન્સપોટેશન સર્વીસ પ્રા.લિ નામે ફલીપકાર્ડની પાર્સલ ઓફીસ ચલાવતા હર્ષીત રાજુભાઈ મેઘાણીએ ફરીયાદમાં દાવો કર્યો છે કે, કુરિયર ઓફિસમાં ૭ માણસો તેમજ ડીલેવરી બોય તરીકે ૨૮ માણસો કામકાજ કરે છે.

## તંત્રી લેખ......

## બિહારનો ૭૫ ટકા અનામતનો પ્રસ્તાવ લોકસભા ચૂંટણીમાં જ્ઞાતિવાદ

પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓનો પ્રચાર દરમિયાન બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે બીજી તરફ કોંગ્રેસના સૂરમાં સૂર મિલાવી ૨૦૨૪ લોકસભાની ચૂંટણીનો એજન્ડા સેટ કરવા માટે એક ડગલું માંડી દીધું છે, જે આવનારા દિવસોમાં ભારતીય રાજકારણની દિશા અને દશા બદલી શકે તેમ કહેવાય છે. જ્ઞાતિવાદ આધારિત સર્વેક્ષણનો અહેવાલ બિહાર વિધાનસભામાં પ્રસ્તુત કરતા મુખ્યમંત્રી નીતિશકુમારે જાહેર કર્યું છે કે અનામતની મર્યાદા ૫૦ ટકાથી વધારીને ૭૫ ટકા સુધી કરવી, જેમાં આર્થિક માપદંડ અનુસાર ૧૦ ટકા ગરીબોનો સમાવેશ આવરી લેવાય. જે પ્રસ્તાવ બિહારના સર્વેક્ષણ આધારે છે. જ્ઞાતિવાદનું રાજકારણ ખેલવાની આ પરંપરા અન્ય રાજ્યોમાં અને રાજકીય પક્ષોમાં વકરશે તો ૨૦૨૪ લોકસભામાં જ્ઞાતિવાદનો મુદ્દો હાવી થઈ જશે એવી રાજકીય ચર્ચા શરૂ થઈ છે. સીએમ નીતિશકુમારે જ્ઞાતિ આધારિત સર્વેક્ષણનો અહેવાલ ઔપચારિક રીતે વિધાનસભાના મેજ પર મૂકતાં કહ્યું હતું કે બિહારમાં ૯૪ લાખ પરિવારોની આવક મહિને ૬ હજારથી ઓછી છે, માટે તેઓને બે લાખ રૂપિયાનો બેનિફિટ એક વખત આપવામાં આવશે.

સાથોસાથ તેમને બિહારમાં અનુસૂચિત જાતિ, જનજાતિ, અધર બેકવર્ડ ક્લાસ (ઓબીસી) અને એક્સ્ટ્રીમ બેકવર્ડ ક્લાસ અર્થાત્ અતિ પછાત વર્ગની અનામતની ટકાવારીની ટોચમર્યાદા અત્યારે ૫૦ ટકા છે.

# વસ્તી નિયંત્રણ કાયદો અમલમાં ન હોવાથી સાગર રાજાને સાંઠ હજાર સંતાનો થયેલા નહીંતર અમે બે અમારા બે હોત!!!

બાળકો એ ભગવાનની દેણ છે. જેને બાળકોની ઈચ્છા હોય છે. ત્યાં ભગવાનની ચક્કી ઝીણું દળે અને ધીમું દળે છે. ઉપરનું બાળ સપ્લાય તંત્ર ખામીયુકત છે. બાધા, આખડી, મંત્ર, તંત્ર , ઝાડઝપટ , ત્રાંત્રિક પ્રયોગ, બાબા ,હકીમ, વૈધ્ય, દોરા, ધાગા, આંઈવીએફ વગેરે બધા ખતરા, અખતરા, પ્રયોગ, વાર, વરતોલા ઈત્યાદિ નિષ્ફળ નીવડે છે!! આપણે કોઈ ગિરાસદાર, જમીનદાર, સામંત, રાજા, મહારાજા, મહારાજાધિરાજ નથી. બાળક ન હોવાને લીધે -રાજ્યનો ઉત્તરાધિકારી ન હોવાથી રાજ્ય ખાલસા થઈ જાય એવી પણ સ્થિતિ નથી. બાળકો ન હોય તેને વાંઝિયાનું લેબલ લાગે છે. જે હદયને કંટકની માફક સતત ચુભતું રહે.પતિ પત્ની બંનેના રિપોર્ટ નોર્મલ હોય પણ શેર માટીની ખોટ રહે. ખોળાના ખુંદનારની ખોટ સાલે.ચાનકી માંગનારની ખોટ એ એવો દૂઝતો ધાવ છે, જે નાસૂર બની જાય છે!! વાંઝિયાનું મોં સવાર સવારમાં જોવાથી દિવસ ખરાબ જાય તેવી માન્યતા લોકોના માનસમાં ઘર કરી ગઈ હોય છે. એટલે આવા દંપતિ સૂર્ય પત્ની રન્નાદેના શરણે જઈ ''પગલીનો પાડનાર દે ને રન્નાદે, વાંઝિયા મહેણાં દોહ્યલા ''એમ નાકલીટી તાણીને શેર માટી માટે કરગરતા હોય છે.પણ ત્યાં સાલ્લો અંડર ટેબલ કારોબાર બારોબાર થતો હશે કે શું??અલબત, ઉપરવાળાની દયા થાય તો ચોમાસાની સિઝનમાં ઠામુકો વરસાદ ન થાય અને સિઝન પૂરી થવાના સમયે -પાછોતરો ધોધમાર વરસાદ પડે તેમ ઘણા લોકોને ભગવાનની માળા ફેરવવાના સમયે નવજાત બાળકના બાળોતિયા બદલાવાનું અપ્રતિમ અને અનિવર્ચનીય પરમસુખ પ્રાપ્ત થાય છે. !!!

જયાં ખાવાના ફાફા હોય ત્યાં ભગવાન છૂટા હાથે શેર માટી વારંવાર ફેંક્યા કરે છે. સામેવાળીનો પાલવ કે ઝોળી ફાટી જાય તેટલી કૃપા વરસે છે. પાંચ છોકરાં હોય અને છઠી પ્રસૂતિમાં ચવીન્સ કે ટ્રિપ્લ્ટ આવે!! આને કહેવાય દુકાળમાં અધિક માસ!! છોકરા ઘેટાં-બકરાંની જેમ પડતા આખડતા ઉછરી જાય!!નિસંતાન દંપતીને આવા લોકોનું સુખ જોઈને ભગવાન પર ઔર ગુસ્સો આવતો હોય છે!!! કદાચ ભગવાનની ચોખટ પર શર પટક પટક કે ગીલા શિકવા ભી કિયા હોંગા. લેકિન વો કિસી કી કહાં સુનતા હૈ??!!

તમને જાણીને આઘાત પણ લાગશે કે પહેલાના જમાનામાં સંતતિ એ સંપતિ ગણાતી હતી!! જેટલા બાળકો વધુ હોય એટલો વ્યકિત સુખી ગણાતો હતો. સાચું કહું તો તનોરંજનના અન્ય વિકલ્પો પણ ઉપલબ્ધ ન હતા. બાળકો સંયુક્ત કુંટુંબમાં છોકરા સાથે ઉછરી જતા હતા. સંતાન ઉછેર કે પેરેન્ટિંગની બુકસ રીફર કર્યા સિવાય છોકરા ઉછરી જાય તે વિશ્વની દસમી અજાયબી ન ગણાય? કેટલાય પિતાઓને તેમનો કુલદીપક કેટલા ધોરણના ચોપડા ફાડે છે તેની પણ જાણકારી ન હતી!!

રવિન્દ્રનાથ ટાગોર એમના પિતાનું ચૌદમું સંતાન હતા. શંકર-જયકિશન સંગીત બેલડીનાળા જયકિશન પણ તેના પિતાનું નવમું સંતાન હતા. ડો. આંબેડકર પણ તેના પિતાનું ચૌદમું સંતાન હતા.લાલુ પ્રસાદ અને રાબડી દેવી તેમના સંતાનોની ક્રિકેટ ટીમ બનાવી શકે તેટલા સંતતિ સમૃદ્ધ છે. ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને સો પુત્રો હતા. વશિષ્ઠ મુનિએ સંતાનોમાં શતાબ્દી મારી હતી. સૌથી વધારે સંતાનો ભગવાન રામના વંશ જ એવા સાગર રાજાને ઓન્લી એન્ડ ઓન્લી સાંઈઠ હજાર સંતાનો હતા!!આ બધાને આટલા સંતાનો કેમ હતા તેનું રહસ્ય, ભેદ, કારણની તમને ખબર છે? અરે, આપણે બધા અલ્પાત્મા અને અલ્પ મતિ છીએ!!જગતમાં મહાજ્ઞાની પુરૂષ , અરે નરપુંગવ કેવળ ધંધો. પ.પૂ. રા.રા. શ્રીમાન રવિ કિશન બાબા છે!! તમને થશે કે આ કોથળામાંથી બિલાડું કાઢ્યું ખાદ્યો ડુંગર અને કાઢ્યો ઉંદર..!!રવિ કિશન ભોજપુરી ફિલ્મોના ગાયક અને અભિનેતા છે. થોડીક હિન્દી ફિલ્મો કરી છે. પણ બિરબલની ખીચડીની માફક હિન્દી , તામિલ , તેલગુ, કન્ના ફિલ્મોમાં એની દાળ ગળી નથી એટલે ખીચડી પાકી નથી!! રવિ કિશન શુકલા ઉર્ફે રવિ કિશન ફિલ્મ નિર્માતા અને ટીવી અભિનેતા પણ હતા .રવિ ભાઈના કહેવા મુજબ ફિલ્મોના સંઘર્ષ , ગરીબી અને અજ્ઞાન તેમ જ વસ્તી નિયંત્રણ કાયદો ન હોવાના લીધે તેમણે ચાર સંતાનોને પૃથ્વી પર એન ધેન દીવા ધેન રમવા છૂટા મુકી દેવા પડયા! કેમ કે એમને સંતતિ નિયંત્રણ અંગે ખબર ન હતી!! રવિકિશન ૧૯૬૯માં જન્મ થયેલો એટલે કટોકટી કાળમાં ફરજિયાત નસબંધીના નામે થયેલ અતિરેકથી પણ વાકેફ નહીં હોય?? નાચ ન જાને આંગન ટેડા!!અભ્યાસ દરમિયાન વસ્તી નિચમન અંગેના પાઠ પણ ભણ્યા નહીં હોય?? કાયદાથી વસ્તી નિયંત્રિત થઈ શકે ખરી ?? આત્મનિગ્રહ અને આક્મનિયંત્રણથી દરેક બાબત હલ થઈ શકે!!

રવિ કિશન થિયેરી શત પ્રતિશત ચોવીસ કેરેટનું સોનું હોય તો રાજા સાગરને થયેલા સાંઠ હજાર સંતાનો પણ વસ્તી નિયંત્રણ કાયદો લાગુ ન હોવાના કારણે થયેલા હોત. વસ્તી નિયંત્રણનો કાયદો લાગુ હોત તો રાજા સાગરને ''અમે બે અમારા બે '' મુજબ બે જ સંતાનો હોત!! બીજું શું વળી ??

# સુગંધી ગુલાબ




આકરો તડકો જેમ સહુ કોઈને નડે, બીમાર પાડે પણ એ પણ કુદરતી વાતાવરણ જાળવવા માટે જરૂરી છે કારણ જો તડકો આકરો પડે તો જ વાદળ બંધાય અને સારો વરસાદ થાય જે જનજીવન માટે જરૂરી છે. આકરા તડકાની જેમ પરિવારમાં પણ આકરા મિજાજવાળી વ્યક્તિ હોય છે ભલે તે સ્વભાવે કડક હોય પણ પરિવારને સુવ્યવસ્થિત રાખવા માટે ક્યારેક જરૂરી પણ છે.

આજે હું આવા જ એક પરિવારની વાત કરું છું.

ગુલાબદાસ જેનું નામ તે આમ ગુલાબ જેવા સુગંધિત પણ જો કોઈ અડવા જાય તો તેને કાંટા વાગે એવા આકરા. એમના ઘરમાં એમની ઈચ્છા જ ચાલે. છેલ્લે ભાઈઓ તો કંટાળી જુદા જતા રહ્યા. સંતાનો આવા સ્વભાવથી કંટાળે પણ શું કરે? માતા પાસે વરાળ કાઢે, પણ માતાનું ગુલાબદાસ પાસે કઈ ચાલે નહીં . વખત એવો આવ્યો કે છોકરો ભણી ગણી જુદો થઈ ગયો અને અલગ ધંધો ચાલું કર્યો, જેમાં તેને ખૂબ સફળતા મળી તથા વેપારી જગતમાં નામ કર્યું. દીકરીએ પણ સારુ ઘર શોધી ભણતાં ભણતાં જ પ્રેમલગ્ન કરી લીધા.

આમ જીવનની સંધ્યાએ બંને પતિપત્ની એકલાં રહી ગયાં. શેઠને. પસ્તાવો થતો હતો, પણ હવે શું થાય? સ્વભાવને કારણે બધા સંબંધી જતા રહ્યા. શેઠાણી ઘણીવાર સમજાવે બધા સાથે સમાધાન સાધી લો આપણા જ છે માની જશે, પણ શેઠને એમનો અહમ એવું નહોતો કરવા દેતો. અહંકારી માણસ ઘણીવાર જીવનભર સહન કરે છે પણ કહેવત છે ને કે "પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય" એ કહેવત ગુલાબદાસ માટે સાચી પડી.

વર્ષો પછી એક દિવસ અચાનક હ્રદયરોગનો હુમલો થયો અને શેઠ ગુલાબદાસનું જીવન કરમાઈ ગયું .

શેઠાણીએ બધા સગાંવહાલાંને અંતિમયાત્રામાં બોલાવ્યા બધા જ સગા બધું વેરઝેર ભૂલીને આવ્યા. બધાને લોહીના સંબધે લાગણી તો હતી જ. શેઠની ક્રિયા પતી ત્યાં સુધી સૌ રોકાયા. સગાંવહાલાં પોતપોતાનાં ઘેર જવાની તૈયારી કરી રહ્યાં હતાં, ત્યાં વકીલ વિલ લઈને આવ્યા જેમાં એક પત્ર બધા સગાવહાલાને ઉદ્દેશીને હતો.

સહુને મારા જયશ્રી કૃષ્ણ સહ આશિષ.

જત જણાવવાનું કે, આપ સહુ મારા આકરા તડકા જેવા સ્વભાવથી નારાજ થઈ મારાથી દૂર થઈ ગયા છો, તે હું જાણું છું. મને પણ મારા પોતાનાથી અલગ થવાનું ખૂબ દુઃખ છે. વિચારજો કે આજે તમે બધાએ જે પ્રગતિ કરી છે તે તમારા પ્રારબ્ધમાં હતી જ પણ તમે જે મહેનત કરી છે, તે ચોક્કસ મારા આકરા સ્વભાવને કારણે. સહુ પોતપોતાના અંતરાત્માને પૂછી જોજો તમને સાચો જવાબ મળશે.

મારા વહાલા નાનાભાઈઓ સ્વભાવે આળસુ હતા અને એમની આળસ ઉડાડવા તથા જવાબદારીઓ સંભાળે તે માટે હું તેમના પર આકરો થતો હતો. તેવી જ રીતે નાનકડી લાડકી બહેનને સાસરીમાં સાંભળવું ન પડે, એટલા માટે મે એને કડક થઈ તૈયાર કરી..

મારા દીકરા અને દીકરી તો મારી આંખના તારા છે પણ દીકરાને મારે સ્વતંત્ર કરવો હતો, જો મે લાડ કર્યા હોત તો આવો સફળ વેપારી ન થયો હોત.

દીકરી રૂપા તું તો મારી એકની એક હતી તો પણ તેમને કન્યાદાનનો લાભ ન આપ્યો તેનું મને દુઃખ છે. તે મને એકવાર પણ કહ્યું હોત હું તને લગ્ન કરાવી આપત. તારો પિતા કડક ભલે હોય પણ પત્થર હ્રદય તો નહોતો.

મારા સ્વભાવને કારણે મે તમને સહુને દુઃખી કર્યા છે તે બદલ હું સહુની માફી માંગુ છું. આકરા સ્વભાવ પાછળ મારું પ્રેમભર્યું હ્રદય કોઈને દેખાયું નહિ. ખેર, છેલ્લે મારી અર્ધાંગિનીની પણ માફી માંગુ છું જેણે મારું હ્રદય સમજી મને આખી જિંદગી સાચવ્યો છે.

મારી સંપતિ કઈ મારી સાથે આવવાની નથી તે તો તમારી જ છે. હું સંપત્તિનાં દસ દસ ટકા ભાઈઓ

# ધરોઈ ડેમ વિસ્તારનો વર્લ્ડ ક્લાસ સસ્ટેઈનેબલ ટુરીઝમ એન્ડ પિલગ્રીમેજ ડેસ્ટીનેશન તરીકે વિકાસ થશે

---------------

**વડાપ્રધાન શ્રી નરેન?દ્રભાઇ મોદીની પ્રેરણાથી ધરોઇ ડેમ વિસ્તારના બહુવિધ પ્રવાસન વિકાસ પ્રોજેક્ટ પ્રગતિમાં**

---------------

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રોજેક્ટ કામગીરીનું સ્થળ નિરીક્ષણ કરી માર્ગદર્શન આપ્યું**

---------------

**પંચતત્વ પાર્ક-નાદ બ્રહ્મ ઉપવન એમ્ફી થિયેટર સહિતની સુવિધાઓ તબક્કાવાર વિકસાવાશે**

---------------

**ધરોઇ ડેમની નેવું કિલોમીટર ત્રિજ્યામાં આવેલા તારંગા-અંબાજી-વડનગર-રાણ કી વાવ સહિતના પ્રવાસન સ્થળોને સાંકળી લઇ ધરોઇ ડેમ આકર્ષક ટુરિઝમ ડેસ્ટિનેશન બનશે**

---------------

**સ્પિરિચ્યુઅલ-એડવેન્ચર્સ-ઈકો અને રિક્રિએશનલ એક્ટિવિટીઝથી પ્રવાસન પ્રવૃત્તિને વેગ અને સ્થાનિક રોજગારીના અવસરો ઉભા થશે**

---------------

**સમગ્રતયા ત્રણ ફેઝમાં અંદાજે રૂ. ૧૧૦૦ કરોડના ખર્ચે ધરોઈ ડેમ રિજયન ડેવલપમેન્ટ સાકાર થશે**

---------------

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ઉત્તર ગુજરાતના ધરોઈ ડેમ વિસ્તારનો વર્લ્ડ ક્લાસ સસ્ટેઈનેબલ ટુરિસ્ટ પિલગ્રિમેજ ડેસ્ટીનેશન તરીકે વિકાસ કરવામાં આવી રહ્યો છે.મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારે આ હેતુસર ધરોઈ ડેમને પ્રવાસન પ્રવૃત્તિના વિકાસ કેન્દ્રમાં રાખી તેની આસપાસના ૯૦ કિ.મી ની ત્રિજયાના વડનગર, તારંગા, અંબાજી અને રાણ કી વાવ જેવા પ્રસિદ્ધ સ્થળોને સાંકળીને ધરોઈને પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસાવવા વિવિધ પ્રોજેક્ટ્સની કામગીરી શરૂ કરી છે.

ધરોઈ રિજિયનનો આ વિકાસ પ્રોજેકટ સમગ્રતયા અંદાજે રૂ.૧૧૦૦ કરોડના ખર્ચે ત્રણ તબક્કામાં હાથ ધરાશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં આ પ્રોજેક્ટ્સની જાણકારી માટે ધરોઈ ડેમ સાઈટ પર જઈને સ્થળ નિરીક્ષણ કર્યું હતું અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ પ્રોજેક્ટમાં સૂચિત રોડનેટવર્ક અન?વયે પ્રથમ તબક્કામાં એડવેન્ચર ડ્રાઈવ રોડ અને ટર્મિનલ રોડની કામગીરીની મુખ્યમંત્રીશ્રીએ તલસ્પર્શી માહિતી મેળવી હતી.ધરોઈના ડેમના આ સમગ્ર વિસ્તારનું જે ટુરીઝમ પોઈન?ટ ઓફ વ્યૂથી ડેવલપમેન?ટ થવાનું છે તેમાં મુખ્યત્વે એડવેન્ચર વોટર સ્પોર્ટ્સ એરીના, અન્ય સુવિધાઓ અને ઈન?ફ્રાસ્ટ્રક્ચર, રિવર એડ્જ ડેવલપમેન?ટ લેઝર શો ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે એમ્ફી થિયેટર, પંચતત્વ પાર્ક (બોટેનિકલ ગાર્ડન), વિઝિટર સેન?ટર એન?ડ વોટર એક્સપિરિયન્સ પાર્ક, અર્થ એક્સપિરિયન્સ પાર્ક, નાદ બ્રહ્મ ઉપવન, વિન?ડ એક્સપિરિયન્સ પાર્ક તેમજ સન એક્સપિરિયન્સ પાર્ક, સ્કાય એક્સપિરિયન્સ પાર્ક, આઈલેન?ડ ગેટ વે અને જેટ્ટી તથા ઓપન ગ્રીન પાર્ક સહિતના આકર્ષણો જોડવાનું આયોજન કરવામાં આવેલું છે.આ પ્રોજેક્ટ્સને પરિણામે ઉત્તર ગુજરાત વિસ્તારની એક આકર્ષક ટુરીઝમ સરકીટ તરીકે ધરોઈ ડેમ વિસ્તાર મુખ્ય આર્થિક બળ બનશે. એટલું જ નહીં, સ્પિરિચ્યુઅલ ટુરિઝમ, એડવેન્ચર્સ ટુરિઝમ, ઈકો એન?ડ રિક્રિએશનલ એક્ટિવિટીઝ ડેવલપ થવાથી આ સમગ્ર વિસ્તારમાં રિજિયન ટુરિઝમ ડેવલપ થશે.આ ઉપરાંત પ્રવાસીઓની અવર-જવરને કારણે સ્થાનિક સ્તરે આર્થિક ગતિવિધિને વેગ મળવા સાથે રોજગારીના અવસર પણ ઉભા થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે આ સ્થળ નિરીક્ષણ મુલાકાતમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા, સલાહકાર શ્રી એમ.એસ.રાઠૌર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, પ્રવાસન સચિવ હારિત શુક્લા તેમજ જળસંપત્તિ સચિવ શ્રી કે.એ.પટેલ તથા સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા.

# અહમદપુર પ્રાથમિક શાળા,તાઃદહેગામમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -૨૦૨૦ ની જોગવાઈ મુજબ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં પ્રિ વોકેશનલ કાર્યક્રમ અંતર્ગત વિવિધ કૌશલ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરવામાં આવેલ



અહમદપુર પ્રાથમિક શાળા,તાઃદહેગામમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -૨૦૨૦ ની જોગવાઈ મુજબ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં પ્રિ વોકેશનલ કાર્યક્રમ અંતર્ગત વિવિધ કૌશલ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરવામાં આવેલ હતું.જે અંતર્ગત સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ પ્રથમ સત્ર પરીક્ષા બાદ અને વેકેશન પહેલા ત્રણ દિવસ અને દિવાળી વેકેશન પૂર્ણ થતા પ્રથમ દિવસથી સાત દિવસ સુધી એમ કુલ ૧૦ દિવસના બેગલેશ કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓમાં કૌશલ્ય નિર્માણ,શ્રમનું ગૌરવ અને ભારતીય કળા અને કારીગીરી સાથે સંકળાયેલ વિવિધ વ્યવસાયોને જાણે તે માટે ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે દશ દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

દિવાળી વેકેશન પહેલા વિદ્યાર્થીઓ છેલ્લા દિવસ સુધી શાળાએ આવે અને કંઈક નવું શીખવા પ્રેરાય તે માટેના ત્રણ દિવસના કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓને હેર સ્ટાઈલ,મહેંદી સ્પર્ધા અને મેક અપ મુકતા શીખવવામાં આવ્યું.ત્યાર બાદ બીજા દિવસે કાગળકામ,માટીકામ,ચિટકકામ,દિવાળીના તહેવારને અનુલક્ષીને રંગોળી સ્પર્ધા યોજવામાં આવી.ત્રીજા દિવસની પ્રવૃત્તિમાં સુલેખન, નિબંધ સ્પર્ધા,વકતૃત્વ સ્પર્ધા,કાવ્ય સર્જન,કાવ્ય ગાન,ઉખાણા જેવા કાર્યક્રમ યોજવામાં આવ્યા.

દિવાળી વેકેશન પૂર્ણ થતા પ્રથમ દિવસથી જ વિદ્યાર્થીઓ નિયમિત શાળાએ આવે અને વિવિધ કૌશલ્યલક્ષી પ્રવૃત્તિઓમાં જોડાઈ વ્યવસાયલક્ષી કૌશલ્યો હસ્તગત કરે તે માટે યોગ,ધ્યાન,આસન,સૂર્ય નમસ્કાર અને આયુર્વેદની માહિતીથી પ્રથમ દિવસની શરૂઆત કરવામાં આવી.બીજા દિવસે વિદ્યાર્થીઓ વિવિધ દેશી રમતો જેવી કે લખોટી,ગીલ્લી-ડંડા,,લૂડો,સાપસીડી,દડા ફેંક,દોરડા કૂદ,ઈંડા ચોર,લંગડી, દોડ, રીંગ ફેંક, લાંબી કૂદ,ઊંચી કૂદ, દોરડા ખેંચ જેવી રમતો થકી વિદ્યાર્થીઓમાં શારીરિક ક્ષમતાઓ વિકસે તે માટે માર્ગદાર્શન આપવામાં આવ્યું.

વિદ્યાર્થીઓ ઔદ્યોગિક એકમોની કાર્યશીલીથી વાકેફ થાય અને પ્રોડક્શન-પેકેજિંગ તથા બજારમાં પ્રોડક્ટ કઈ રીતે મૂકવામાં અને પહોચાડવામાં આવે છે તેની સમ્પૂર્ણ જાણકારી મળી રહે તે હેતુથી જી.આઈ.ડી.સી. બાવળા-અમદાવાદ મુકામે આવેલ સાયન હેલ્થકેર અને સાયન ઓલ કંપનીની મુલાકાત લેવામાં આવી.જયાં વિદ્યાર્થીઓ હેલ્થકેર પ્રોડક્શન કઈ રીતે થાય છે તે રૂબરૂ નિહાળી અને સમજી શક્યા.ત્યારબાદ કાર્યક્રમના સાતમાં દિવસે વિદ્યાર્થીઓને આરોગ્યલક્ષી માહિતી,સેલ્ફ ડીફેન્સ અને વિદ્યાર્થીનીઓને બેડ ટચ-ગુડ ટચની જાણકારી આપવામાં આવી.આઠમા દિવસે માટીના રમકડા,તોરણ,પગ લૂછણીયા બનાવતા શીખવવામાં આવ્યું.કાર્યક્રમના નવમાં દિવસે વિદ્યાર્થીઓ વિવિધ વેશભૂષા ધારણ કરીને આવ્યા.જેમાં હનુમાનજી,ગાંધીજી અને ડો.વિક્રમ સારાભાઈના પાત્રોએ સૌનું ધ્યાન તેમની તરફ ખેચ્યું હતું.વેશભૂષા ભજવનાર દરેક પાત્રોએ પોતાનો પરીચય પણ આપ્યો હતો.આ દિવસે વિદ્યાર્થીઓ માટે ક્વીઝનું આયોજન પણ કરવામાં આવેલ હતું.

કાર્યક્રમના અંતિમ દિવસે વિવિધ કારીગરોની મુલાકાત થકી સુથારીકામ, લુહારીકામ,ખેતીકામ,કડીયાકામ, ક્લરકામ,માળીકામ,ઈલેક્ટ્રીશિયન કામને વધારે સારી રીતે જાણવાનો પ્રયાસ કર્યો.આ સાથે શાળામાં આનંદ મેળાનું આયોજન પણ કરવામાં આવેલ હતું.જેમાં વિદ્યાર્થીઓએ વીસથી વધુ સ્ટોલ બનાવેલ હતા,જેમાં ખાણીપીણીનાં સ્ટોલમાં પાણીપૂરી,સમોસા ,ઢોકળા,દહિપૂરી,પરોઠા,પફ,મસાલા છાસ,બટાકા ભૂંગળા અને આ સાથે સ્ટેશનરી સ્ટોલ,રમતો માટે ફુગ્ગા ફોડ અને ઈનામ ખોલો-નસીબ ચમકાવો જેવા સ્ટોલ પણ વિદ્યાર્થીઓ દ્વારા મૂકવામાં આવ્યા.આ સ્ટોલનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ નફો-નુકશાન જાણી શકે અને તેના માધ્યમથી નાણાની લેવડ-દેવડ થકી સરવાળા-બાદબાકી પણ શીખી શકે અને વ્યવસાય માટેની જરૂરિયાતોનો અનુભવ થઈ શકે તે હતો.આમ, દશ દિવસનો બેગલેશ કાર્યક્રમ ઘણા બધા અનુભવો સાથે પૂર્ણ થયો.



બ્રહ્મ સમાજ નુ ગૌરવ શ્રી ભજનલાલ શર્મા રાજસ્થાન ના મુખ્ય મંત્રી તરીકે નિયુક્ત થયેલ છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO:158**
વિષયઃ નસીબ
પ્રકારઃપદ્ય
શીર્ષકઃનસીબની બલિહારી...
શબ્દ સંખ્યાઃ૯૦

સુખ દુઃખ,તડકો છાંયો,
મળે મોટર ગાડીને બંગલા,
કોઈકને હોય ખાવાના ફાંફા,
મુસીબત રહિત જીવન મળે,
નસીબની બલિહારી.!

સુખમાં છકી ન જવું,
દુઃખમાં ન હારે હિંમત,
? ?સુખ દુઃખમાં રહે સમરસ,
?? નસીબની બલિહારી.!

બગીચાનું ફૂલ,શોભે અણમૂલ,
દેવ મંદિરે સોહાય,
??પગ તળે કુંચલાય,
નસીબની બલિહારી.!

હસતું મન મળે તંદુરસ્ત શરીર
સુખી જીવન મળે સારો પરિવાર,
કુટુંબમાં મળે પ્રેમ પરસ્પર,?
??નસીબની બલિહારી.!

સારા સમયમાં સાચી જગ્યાએ,
સાચા વ્યક્તિનો સાથ મળે,
જીવનમાં સત્યનો સાથ મળે,
નસીબની બલિહારી.!

સ્નેહમાં સ્વાર્થ નથી હોતો,
માંગવો પડે તે પ્રેમ નથી હોતો,
'પ્રેમ' સમજે મનની વાત,
નસીબની બલિહારી.!

- પાલજીભાઈ વી રાઠોડ 'પ્રેમ' સુરેન્દ્રનગર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 161**
પ્રકાર : પદ્ય
વિષય : નસીબ
શિર્ષકઃ હથેલી

હથેલી ◦◦

હાથની હથેલીની રેખાની આરપાર
જીવનનાં રાઝ કંઈક છુપાયા,
અગમનિગમના આ છે બધાં ખેલ
કોઈથીયે ના સમજાયા.

ના તન છુટ્યાં ના મન તુટ્યાં
કયા સંબંધે થયાં સૌ પરાયાં,
ના સાધ્યા સંધાયા,ના છૂટ્યાં છુટાયા
કેવાં કેવાં ખેલ છે મંડાયા.

લખચોરાસી ફેરાની આસપાસ
કંઈ કેટલાય બંધન જોડાયા,
ડૂબી ગયાં કંઈ કેટલાય ફુલડાં
ને પથ્થરો બધાં તરતાં થયા.

રાગ, રંગ, તાલ, લયના ગીતડાં
ભિન્ન ભિન્ન રીતે બધે છે ગવાયાં,
કુદરતનાં કામ આ તો કોઈથીયે ના કળાયા,
તુંડે તુંડે મતિર્ભિન્ના કહેવાયાં!
◦◦ગ્રીષ્મા પંડ્યા ◦◦

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:153**
વિષયઃ " નસીબ" શીર્ષકઃ"ભારત નું સંતાન"
પ્રકારઃપધ્ય. શબ્દોઃ૭૧
લેખકનું નામઃ જિતેન્દ્ર શાહ. નજર કરી તો નિહાળ્યું , મેં એક ભારત નું સંતાન. સૂએ
ક્યાં થી મખમલે,
જો હોય નશીબે કંતાન.
દૂધ તો ક્યાં થી દેખ્યું હોય,
ન પીધી હોય જ્યાં છાસ.
હાડકાં ગણી ને ગણિત ગણતાં,
જ્યાં નાનાં-મોટાં બાળ.
ચોરી કરવી પાપ છે,
કરો કરચોરી નું પુણ્ય.
અમીર નાં ઘેર ઢગ ખડકો,
ને ગરીબ નાં ઘેર શુન્ય.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NGO SS No : 39**
વિષય - નસીબ
શીર્ષક --બલિહારી નસીબની
લેખિકા -- પ્રફુલ્લા "પ્રસન્ના"

પડે માથે વીજળી તોય બચી જાય માનવ,
મધદરિયે ભારે તોફાન તોય તરી જાય માનવ,
હોય યોગાનુયોગ યોગનો, રચાઈ જાય સંયોગ,
ક્ષમાભાવ સેવે માનવ તો થાય ક્ષય પાપનો!

જાણું છું કે નસીબનું કદી ના ખોટું પડે ,
જાણું છું, નથી એવું કે હું માંગું ને બધું મળે,
પણ એ ખુદા કઈક તો એવું કર,
કે મારે તારો આભાર માનવો પડે..

સંયોગનું હોવું હોય જો નસીબ પાધરું તો,
પાધરું નસીબ કરી નાંખે સઘળું સીધું!
પાસા પાડું આડેધડ, પડી જાય સીધાં,
નસીબની જ છે એ ઉપહાર લીલા!

સંયોગ ના હોય સીધાં, આવી જાય વિયોગ!
વીજળી જેમ ત્રાટકી નાશ પામી જાય સઘળું,
પળમાં મિલન, આંખ પલકતા મળી જાય જુદાઈ!
કરુણતાં કિસ્મતની લાવે વિદાય વસમી!

પ્રફુલ્લા "પ્રસન્ના"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N. O. G. S. S. No. 0102.**
વિષયઃ- નસીબ.
શીર્ષકઃ- નસીબના લેખ.
પ્રકારઃ- ગદ્ય લેખ.
શબ્દ સંખ્યાઃ-૩૩૦.
લેખકનું નામઃ-રતીલાલ વાયડા
રચનાઃ-

પોતાનુ નસીબ કેવું હોય છે તે જોવાની ઈચ્છા દરેક માનવીમાં હોય છે.

આપણા ઋષિઓએ હજારો વર્ષો પહેલાં નસીબ જોવા માટે અનેક પ્રકારની તરકીબો શોધી કાઢી છે અને તેને લગતા ઘણા બધા પુસ્તકો પ્રાપ્ત થાય છે.

નસીબ જોવા માટેની અનેક પ્રકારની પદ્ધતિઓ જોવા મળે છે. તેમાં હસ્ત જ્યોતિષ , જન્મ કુંડલીથી ભવિષ્યકથન ,મુખ સામુદ્રિક વિદ્યા ,અંક શાસ્ત્ર ,તેમજ બીજી ઘણી બધી પદ્ધતિઓ નસીબ જોવા માટે પ્રચલિત છે .માનવી તેનો કોઈપણ નો ઉપયોગ કરી અને પોતાનું નસીબ જાણવા માટે આતુર હોતો હોય છે.

હાથની રેખા જોઈ અને ભવિષ્યકથન કરવા માટેની પદ્ધતિને હસ્તરેખા જ્યોતિષશાસ્ત્ર તેવું નામ આપવામાં આવે છે. જુદી જુદી રેખાઓનો આકાર વળાંક હાથથી અંદર રહેલી ગોઠવણી વગેરેને ધ્યાનમાં રાખીએ અને ભવિષ્યવેતા વ્યક્તિના ભવિષ્યનું કથન કરે છે.

મનુષ્યના જન્મ સમયે જે ગ્રહો હોય ત્યાં તેને ધ્યાનમાં રાખી અને જન્મ કુંડળી બનાવવામાં આવે છે. ઘણા જ્યોતિષ શાસ્ત્રીઓએ આ જન્મ કુંડળી બનાવવા માટેની પદ્ધતિઓ દર્શાવે છે . ગ્રહ ,નક્ષત્રો ,રાશિ વગેરેને ધ્યાનમાં રાખી અને મનુષ્યના જન્મ સમયે જે ગ્રહો હોતા હોય છે ,તેને બાર ખાનાની અંદર મૂકી અને કયા કયા ગ્રહો માનવીના જીવનને ઉપર અસર કરે છે તેની ગણના કરી અને માનવીનું ભવિષ્ય કેવું હોય તે માટેની પણ આ જન્મ કુંડળીને આધારે આગાહી કરવામાં આવે છે. જ્યોતિષ કલ્પતરુ તેમજ ભૃગુ સહીતા આ બંને પુસ્તક અને તેને આધારે બીજા ઘણા બધા પુસ્તકો જન્મ કુંડળી બનાવવા માટે જાણીતા છે.

હસ્તરેખા માટે પણ ઘણા બધા ભારતીય જ્યોતિશાસ્ત્રીઓ તેમજ કીરો ,બેનહામ જેવા પરદેશી જ્યોતિષ શાસ્ત્રીઓએ પુસ્તકો લખેલા છે . અંકશાસ્ત્રના આધારે તેમજ ગ્રહો નક્ષત્રો વગેરેને પણ આધારે પુસ્તકો લખાયેલા છે .અત્યારે ઑંહ્વી ઉપર પણ ઘણા બધા જ્યોતિષો જુદા જુદા પ્રકારની માહિતી આપે છે.

કેટલાક લોકો અત્યારે જુદા જુદા પ્રકારના નંગો પહેરી અને ભાગ્ય પલટા માટેની વાત કરે છે, તો કેટલાક લોકો નડતરરૂપ રહેલા ગ્રહોની વિધિમાં પણ સલાહ વિગેરે આપતા હોય છે,

અત્યારે કેટલાક લોકો જ્યોતિષને માને છે જ્યારે કેટલાક લોકો માનતા નથી .અંતે તો માનવીના ભાગ્યમાં જે નિર્માણ થયેલું હોય છે તે જ મળ્યા રાખે છે .જ્યોતિષ એ ફક્ત માર્ગદર્શન છે અને તેને આધારે માનવી જો પ્રયત્ન કરે તો જરૂર સફળતા પ્રાપ્ત થાય છે.

# એમસીએક્સ પર સોનાના વાયદાના ભાવમાં રૂ. ૨૩૩ અને ચાંદીમાં રૂ.૪૫૯ની વૃદ્ધિઃ ક્રૂડ તેલ રૂ.૪૫ ડાઊન

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૪૭,૪૮૯.૦૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૬,૭૩૪.૮૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૪૦,૭૪૮.૪૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧,૨૩૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૪૧૫ અને નીચામાં રૂ.૬૧,૨૩૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૩૩ વધી રૂ.૬૧,૩૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે સોનાનો એપ્રિલ વાયદો રૂ.૬૧,૬૩૭ ખૂલી, ઉપરમાં રૂ.૬૧,૭૭૨ અને નીચામાં રૂ.૬૧,૬૩૭ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૧૯ વધી રૂ.૬૧,૭૨૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૬૯ ઘટી રૂ.૪૯,૬૨૭ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૩ વધી રૂ.૬,૦૫૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૪ વધી રૂ.૬૧,૧૬૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૨,૦૮૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨,૪૬૮ અને નીચામાં રૂ.૭૨,૦૧૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૫૯ વધી રૂ.૭૨,૩૨૩ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ચાંદીનો મે વાયદો રૂ.૪૩૨ વધી રૂ.૭૩,૪૩૨ બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૪૧૫ વધી રૂ.૭૨,૪૧૮ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૩૯૯ વધી રૂ.૭૨,૪૩૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે તાંબુ ડિસેમ્બર વાયદો રૂ.૭૧૫.૧૦ના ભાવે ખૂલી, રૂ.૧.૪૫ વધી રૂ.૭૧૫.૭૦, જ્યારે એલ્યુમિનિયમ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૫ વધી રૂ.૧૯૫.૬૦ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૦ વધી રૂ.૧૮૩.૮૦ના ભાવ થયા હતા. જસત ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૫ વધી રૂ.૨૧૮.૬૦ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૦૫ વધી રૂ.૧૯૬, સીસુ-મિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૦ વધી રૂ.૧૮૪.૨૦, જસત-મિની ડિસેમ્બર વાયદો રૂ.૧.૪૫ વધી રૂ.૨૧૮.૬૦ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૯૭૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૦૦૮ અને નીચામાં રૂ.૫,૯૧૯ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૫ ઘટી રૂ.૫,૯૨૪ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૫૧ ઘટી રૂ.૫,૯૨૮ થયો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૦૨ના ભાવે ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૫.૪૦ વધી રૂ.૨૦૪.૩૦ અને નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૫.૬૦ વધી ૨૦૪.૪૦ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે કોટન ખાંડી જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૬,૯૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૦૦૦ અને નીચામાં રૂ.૫૬,૬૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૨૦ ઘટી રૂ.૫૬,૬૦૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં રૂ.૧,૬૮૪.૩૫ કરોડનાં ૨,૭૪૫ લોટ્સ, ગોલ્ડ-ગિનીમાં રૂ.૧૨.૮૦ કરોડનાં ૨,૫૭૪ લોટ્સ, ગોલ્ડ-પેટલમાં રૂ.૪.૫૯ કરોડનાં ૭,૫૬૯ લોટ્સ, સોનું-મિનીમાં રૂ.૪૨૮.૫૪ કરોડનાં ૭,૦૦૪ લોટ્સ અને ચાદીના વાયદાઓમાં રૂ.૧,૧૪૦.૦૭ કરોડનાં ૫,૨૫૯ લોટ્સ, ચાંદી-મિનીમાં રૂ.૬૩૦.૮૨ કરોડનાં ૧૭,૪૧૦ લોટ્સ અને ચાંદી-માઈક્રોમાં રૂ.૪૫૨.૯૯ કરોડનાં ૬૨,૫૭૮ લોટ્સના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૫૬૬.૧૨ કરોડનાં ૯,૪૭૪ લોટ્સ અને ક્રૂડ તેલ-મિનીમાં રૂ.૬૬.૪૮ કરોડનાં ૧૧,૧૦૯ લોટ્સ તથા નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૦૯૫.૪૪ કરોડનાં ૪૩,૨૪૩ લોટ્સ અને નેચરલ ગેસ-મિનીમાં રૂ.૮૭.૫૧ કરોડનાં ૧૭,૩૩૪ લોટ્સનાં કામ થયાં હતાં. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૩.૨૮ કરોડનાં ૧૨ લોટ્સ અને મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૧.૬૯ કરોડનાં ૩૪૨ લોટ્સનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વાયદાઓમાં ૧૬,૦૩૧ લોટ્સ, ગોલ્ડ-ગિનીમાં ૪,૧૭૩ લોટ્સ, ગોલ્ડ-પેટલમાં ૫૧,૨૧૩ લોટ્સ, સોનું-મિનીમાં ૧૭,૧૩૦ લોટ્સ અને ચાંદીના વાયદાઓમાં ૧૮,૪૯૬ લોટ્સ, ચાંદી-મિનીમાં ૪૩,૧૨૨ લોટ્સ, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯,૮૭૦ લોટ્સ, ક્રૂડ તેલ-મિનીમાં ૨૬,૬૯૭ લોટ્સ તથા નેચરલ ગેસના વાયદાઓમાં ૫૯,૧૭૩ લોટ્સ, નેચરલ ગેસ-મિનીમાં ૩૯,૯૯૩ લોટ્સ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૭૪ લોટ્સ અને મેન્થા તેલના વાયદાઓમાં ૧,૩૭૮ લોટ્સના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૬.૫૩ કરોડનાં ૮૨ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૨૩૧ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૬,૦૮૫ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૦૮૫ અને નીચામાં ૧૫,૯૭૨ બોલાઈ, ૮૨ પોઈન્ટ વધી ૧૫,૯૪૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં સોનું જાન્યુઆરી રૂ.૬૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૫૦ અને નીચામાં રૂ.૧૨૮ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૯.૫૦ વધી રૂ.૧૪૦ બોલાઈ રહ્યો હતો, આ કોન્ટ્રેક્ટમાં રૂ.૭૧.૬૫ કરોડનાં ૧૧૦ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૫૨૯ લોટ્સના સ્તરે રહ્યો હતો. આ સામે સોનું જાન્યુઆરી રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૫૬.૫૦ અને નીચામાં રૂ.૩૦૮ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૪ ઘટી રૂ.૩૧૬.૫૦ બોલાઈ રહ્યો હતો, આ કોન્ટ્રેક્ટમાં રૂ.૧૪૦.૫૬ કરોડનાં ૨૩૩ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૩૯૮ લોટ્સના સ્તરે રહ્યો હતો.

ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૪૦૦ના ભાવે ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૨૦.૫૦ ઘટી રૂ.૧,૩૩૫ થયો હતો. આ કોન્ટ્રેક્ટમાં રૂ.૪૧.૭૨ કરોડનાં ૧૮૨ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૬૦૭ લોટ્સના સ્તરે હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૬૨૪ના ભાવે ખૂલી, રૂ.૧૫૦.૫૦ વધી રૂ.૨,૭૦૮ થયો હતો. આ કોન્ટ્રેક્ટમાં રૂ.૧૨૦.૯૧ કરોડનાં ૫૩૩ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૩૭૩ લોટ્સના સ્તરે હતો.ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૯૮ અને નીચામાં રૂ.૫૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૯.૫૦ ઘટી રૂ.૬૭ થયો હતો, જ્યારે ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫,૯૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૬૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૬ અને નીચામાં રૂ.૫૮.૯૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૫.૪૦ ઘટી રૂ.૯૨ થયો હતો.

## રાજ્યનાં મુખ્યમંત્રી, નાણા મંત્રી, પશુપાલન મંત્રી, પશુપાલન સેક્રેટરી ગૌ સેવા આયોગનાં સેક્રેટરી, કૃષિ મંત્રી સહિતનાઓની મુલાકાત લઇ દૈનિક પ્રતિ પશુ પ્રતિદીન ૩૦ નાં બદલે ૫૦ કરવાની માંગ કરતા ગિરીશ શાહ અને મિત્તલ ખેતાણી



ભારત સરકારનાં એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં સભ્ય ગિરીશ શાહ અને ભારત સરકારનાં પશુપાલન મંત્રાલયનાં માનદ સલાહકાર મિત્તલ ખેતાણીએ રાજ્યનાં મુખ્યમંત્રી, નાણા મંત્રી, પશુપાલન મંત્રી, પશુપાલન સેક્રેટરી, ગૌ સેવા આયોગનાં સેક્રેટરી, કૃષિ મંત્રી સહિતનાઓની રૂબરૂ મુલાકાત કરી દૈનિક પ્રતિ પશુદીઠ સબસીડીની રકમ પ્રતિદીન ૩૦ નાં બદલે ૫૦ કરવાની માંગ કરી હતી. આ મુલાકાતમાં જીવદયા-ગૌસેવાનાં વિવિધ વિષયો અંગે પરિણામલક્ષી ચર્ચા કરવામાં આવી હતી. રાજ્યની તમામ પાંજરાપોળ/ગૌશાળાને કાયમી, દૈનિક પ્રતિ પશુ પ્રતિદીન ૩૦ રૂપિયા સબસીડી આપવામાં આવે છે તેને બદલે ૫૦ રૂપીયા સબસીડી આપવામાં આવે કારણ રાજ્યની તમામ પાંજરાપોળ, ગૌશાળામાં અત્યારે સતત અબોલ જીવોની સંખ્યા વધતી જાય છે. પાડા, વાછડા, ખૂબ મોટા પ્રમાણમાં આવી રહયાં છે દાનની આવક ઘટી રહી છે ડેરી ઉદ્યોગ શ્વેતક્રાંતિ ફૂલી ફાલી છે અત્યારે પ્રદેશમાં રોજનું લાખો લીટર દૂધનું ઉત્પાદન થાય છે પશુપાલકોને ખૂબ જ આર્થિક ટેકો મળી ગયો પણ તેના વાછડા, પાડા સાચવવાનું ભારણ સીધે સીધુ પાંજરાપોળ ગૌશાળા ઉપર આવી ગયું છે, એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાએ તમામ રાજયોને તા. ૦૩/૦૫/૨૦૧૮ ના રોજ એક એડવાઈઝરી મોકલેલ છે જેમાં પશુ સાચવણી માટે મીનીમમ રેટ ચાર્ટ આપે છે. જે મુજબ મોટા પશુ દીઠ રૂા. ૨૦૦ અને નાના પશુ દીઠ રૂા. ૧૨૫ પ્રતિદિન આપવાની ભલામણ કરેલ છે. ગુજરાત સરકારે પણ પશુ દીઠ, દૈનિક, કાયમી ૩૦ રૂપિયાની સબસિડી આપી રહી છે તે માટે સતાધીશોનો આભાર માનવામાં આવ્યો હતો, પરંતુ પ્રવતમાન સંજોગોમાં પશુ નિભાવ ખર્ચ વધતી જતી મોંઘવારી સાથે વધતો જાય છે તે માટે પશુ દીઠ ૫૦ રૂપિયા સબસીડીની જોગવાઈ કરવા વિનંતી કરવામાં આવી છે.

# વિશ્વભરમાં ગરબાની ધૂમ, યુનેસ્કોના વારસાની યાદીમાં સામેલ થયા બાદ લોકો ઉત્સવના રંગમાં ડૂબ્યાં



૧૨ ડિસેમ્બર, નવી દિલ્હી:★ યુનેસ્કો દ્વારા માનવતા અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સામેલ થયાય બાદ, દેશ-વિદેશમાં ગુજરાતના ગરબાનો ઉત્સવ જોવા મળી રહ્યો છે. આપણા દેશના ગૌરવ સમાન આ વારસાને વિશ્વસ્તરે નામના મળ્યા બાદ, તેની ખુશીમાં અલગ અલગ દેશોમાં ભારતીય દૂતાવાસે છેલ્લા અમુક દિવસો દરમિયાન ઉજવણીના કાર્યક્રમોનું આયોજન કર્યું છે. ન્યુયૉર્કમાં ભારતના કૉન્સ્યુલેટ જનરલે 'ક્રૉસરોડ્સ ઓફ ધ વર્લ્ડ' ખાતે ગરબા સમારોહનું આયોજન કર્યું હતું. અમેરિકાના પ્રખ્યાત ટાઈમ્સ સ્ક્વેરમાં ભારતીય મૂળના લોકોની સાથે સ્થાનિક લોકો પણ ગરબા નૃત્ય કરતા જોવા મળ્યા હતાં. વૉશિંગ્ટનમાં ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું "ભારતીય સમુદાયે યુનેસ્કોની માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં નારીની દિવ્યતાને દર્શાવતા પરંપરાગત ગરબા નૃત્યને સામેલ કરવાની ઉજવણી કરી"

બીજી તરફ મેક્સિકો શહેરમાં ભારતીય એમ્બેસી અને ગુરુદેવ ટાગોર ઈન્ડિયન કલ્ચરલ સેન્ટરે ઈન્ડિયન એમ્બેસી ઓડિટોરિયમમાં આયોજિત કાર્યક્રમ દરમિયાન ગરબા પરફોર્મન્સ સાથે ફ્લેશ મોબનું આયોજન કર્યું હતું. ભારતીય પ્રવાસી કલાકારો અને સાંસ્કૃતિક કેન્દ્રના વિદ્યાર્થીઓએ ગરબા ફ્લેશ મોબમાં ભાગ લીધો હતો.નામિબિયામાં હાઈ કમિશનના સાંસ્કૃતિક હૉલમાં ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં ભારતીય સમુદાયના લોકોએ ભાગ લીધો હતો. ત્રિનિદાદ અને ટોબેગોમાં મહાત્મા ગાંધી ઈન્સ્ટિટ્યૂટ ફોર કલ્ચરલ કો-ઓપરેશન ખાતે ગરબા અને દાંડિયા પર એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભારતીય પ્રવાસીઓ, ખાસ કરીને ગુજરાતી સમુદાયે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ ઉપરાંત રશિયા, જાપાન, ન્યુઝીલેન્ડ, સ્વિટ્ઝર્લેન્ડ, આઈસલેન્ડ, સ્વીડન, ઓસ્ટ્રેલિયા, મોરેશિયસ, બોત્સ્વાના, ભૂટાન, પોર્ટુગલ, આર્મેનિયા, સ્કૉટલેન્ડ, મ્યાનમાર, વેનેઝુએલા, વિયેતનામ, ટ્યુનિશિયા, કોલંબિયા, જેદ્દાહ, ફ્રેન્કફર્ટ, ઝિમ્બાબ્વે, વ્લાદિવોસ્તોક, હ્યૂસ્ટન, માલ્ટા, અંગોલા, બિરગંજ, ઁછઈ, તુર્કીયે, નામીબિયા, બહેરીન, સીરિયા, કેન્યા, યુગાન્ડા, જીબુટી, લેબેનોન, કંબોડિયા, કતાર, પનામા, મેડાગાસ્કર, ડેનમાર્ક, યુક્રેન, ચેક રિપબ્લિક, ઝામ્બિયા, ઉઝબેકિસ્તાન, ઈરાક, ઈજિપ્ત, એટલાન્ટા, ટોરોન્ટો, ક્યુબા, ચિલી, દક્ષિણ આફ્રિકા, હોંગકોંગ, બેલ્જિયમ વગેરે દેશોમાં આયોજિત વિવિધ કાર્યક્રમોમાં ભારતીય સમુદાયના સભ્યોએ ગરબા પરફોર્મન્સ આપ્યું હતું.

ઉલ્લેખનીય છે કે યુનાઈટેડ નેશન્સની સંસ્થા યુનેસ્કોએ 'ગુજરાતના ગરબા'ને આંતરરાષ્ટ્રીય માન્યતા આપીને તેને ઈન્ટેન્જિબલ કલ્ચરલ હેરિટેજ (ઝઉઁ- અમૂર્ત સાંસ્કૃતિક વારસો) તરીકે જાહેર કરી છે. ઝઉઁ ના સંરક્ષણ માટેની સમિતિની ૧૮મી બેઠક દરમિયાન ૨૦૦૩ના સંમેલનની જોગવાઈઓ હેઠળ ગરબાનો આ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

# તારની વાડ કરવાની સબસીડી માં સરકારની લોલીપોપ




તારની વાડ માટે ખેડૂતો દ્વારા સાયબર કાફેમાં કોમ્પ્યુટર ધારકો પાસે ઓનલાઈન અરજી કરાવવા માટે સવારથી જ લાઈનોમાં લાગી ગયા હતા પરંતુ પોર્ટલ ૧૦:૧૫ મિનિટમાં જ બંધ થઈ જતા ધરતીપુત્રો મુંઝવાયા હતા તેમજ તેમને સાયબર કાફેનો વારંવાર ધક્કો ખાવાનો વખત આવ્યો હતો

ખેડૂતોને રોજ નીલગાય ભૂંડ વગેરે જેવા જંગલી જાનવરો નો ત્રાસ રહે છે એવા તાલુકાઓમાં ગણતરીની મિનિટોમાં લક્ષ્યાંક પૂર્ણ થતા થતા હારીજમાં સાયબર કાફે તેમજ અન્ય કોમ્પ્યુટર ઓપરેટરો પાસે અરજીઓ કરાવવા આવેલા તાલુકાના ખેડૂતોને ધક્કા ખાવાનો વારો આવ્યો હતો અને સરકારના આ લક્ષ્યાંક ને લોલીપોપ આપી હોવાનું ધરતીપુત્રો જણાવી રહ્યા હતા સમી તાલુકાના રવદ ગામના ધરતીપુત્ર નરોતમભાઈ પટેલના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૯-૨૦ માં અમારા ખેડૂત ગ્રુપ દ્વારા તારની વાડ ની અરજીઓ અપાઈ હતી જેનો સર્વે થયો હતો અને કોરોના કાળ આવતા આજ દિન સુધી વર્ક ઓર્ડર આવ્યો જ નથી અને એ હવે એ અરજીઓ રદ કરીને નવીન અરજીઓ કરવામાં આવતા માત્ર ૧૫ મિનિટમાં જ પોર્ટલ બંધ થઈ જતા અનેક ખેડૂતો તારની વાડની લાભથી વંચિત રહી ગયા હતા સમગ્ર જિલ્લામાં હેક્ટર મુજબ લક્ષ્યાંક જોઈએ તો ચાણસ્મા ૩૦૦ પાટણ ૨૭૮ પાટણ શહેર ૪૪ રાધનપુર ૧૪૮ શંખેશ્વર ૧૩૯ સમી ૧૮૦ સરસ્વતી ૨૭૪ સાતલપુર ૨૧૮ સિધ્ધપુર ૨૪૨ હારીજ ૧૫૨ ફૂલ મળી કુલ ૧૯૬૬ હેક્ટરનો જીલ્લામા સરકારનો લક્ષ્યાંક હતો

નિખિલ જોષી:પાટણ જિલ્લા બ્યુરોચીફ




સુબીર તાલુકાનાં ઢોંગીયાઆંબા રૂઈપાડા પ્રાથમિક શાળા ૧થી૮ ધોરણ સુધીની છે અને આશરે કુલ ૨૬૭ વિદ્યાર્થીઓ ત્યાં અભ્યાસ કરે છે આ શાળામાં ગત્ રોજ બપોરનું ભોજન મેનુ વગરનું અને બળી ગયેલું બાળકોનાં થાળીમાં પીરસવામાં આવ્યું હતું . ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકામાં આવેલા ઢોંગીયાઆંબા ગામે આવેલી પ્રાથમિક શાળામાં ધોરણ એકથી આઠનાં વર્ગો છે અને અહીં આશરે કુલ ૨૬૭ જેટલા બાળકો અભ્યાસ કરી રહ્યાં છે તેઓને ગતરોજ બપોરનું ભોજન મેનુ મુજબ મેનુમાં વેજીટેબલ ખીચડી અથવા તો ખારીભાત શાકભાજી સહિતનું બાળકને આપવાનું મેનું બોર્ડ ઉપર દર્શાવવામાં આવ્યું છે. પરંતુ ગતરોજ વેજીટેબલ ખીચડીની જગ્યાએ કોરી ખીચડી માત્ર દાળભાતની ખીચડી બાળકોનાં થાળીમાં પીરસવામાં આવી હતી તે પણ બળી ગયેલી ખીચડી ! દસ થી પંદર થાળીમાં બળેલી ખીચડી પીરસાઈ હતી અને વેજીટેબલ ખીચડી એટલે ખીચડીમાં ટામેટાં, બટાકા, રીંગણ વગેરેનો સમાવેશ થાય છે. પરંતુ બાળકને કોરી ખીચડી આપવામાં આવી હતી જે બાબતે હાજર શિક્ષકોને પૂછતાં તેઓ કસુજ જવાબ આપી શક્યા ન હતા , અને ત્યાં હાજર રસોઈ બનાવનાર રસોયાઓ કહેવા લાગ્યાં હતા કે સંચાલક દ્વારા કોઈ જ શાકભાજી લાવી આપવામાં આવતી નથી તો અમે કેવીરીતે બાળકોને વેજિટેબલ ખીચડી બનાવીને આપીએ વધુમાં ગામનાં લોકોએ પણ જણાવ્યું હતું કે સંચાલક શાળાનું અનાજ તેમનાં ઘરે રાખે છે. જોકે શાળાનું અનાજ રાખવા માટે શાળામાં રૂમની વ્યવસ્થા હોવા છતાં સંચાલક પોતાનાં ઘરમાં શાળાનું અનાજ કેમ રાખતા છે કોણે પરમિશન આપી દીધી . કોઈપણ સંચાલક શાળાનું અનાજ પોતાનાં ઘરમાં રાખી ન શકે તેવો નિયમ છે ત્યારે મધ્યાન ભોજન અન્ન પુરવઠા વિભાગ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા આ સમગ્ર બાબતે શિક્ષકો અને સંચાલક સામે તાત્કાલીક ધોરણે કડક પગલાં લેવામાં આવે તેવી લોક માંગ ઊઠી રહી છે.

## ભ્રષ્ટ્ર અધિકારીઓની મહેરબાની થી

# ડાંગ માં એસ.એસ.માહલા કોલેજનું ગેરકાયદેસર બિલ્ડીંગનુ બાધકામ થઈ રહયું...?



ડાંગ,

વિવાદીત એસ.એસ.માહલા કોલેજનાં સંચાલકોએ સરકારનાં નિતિ-નિયમો છેદ ઊડાવી ગ્રામ પચાયત, તાલુકા પચાયત,માલતદાર અને જિલ્લા કલેકટર માંથી કેમ્પની જમીન એન.એ અને બિલ્ડીંગોની બાધકામની પરવાનગી લીધી નથી ધોળા દિવસે ગેરકાયદેસર બિલ્ડીગો તાણી બાધ્યાં છે ગ્રામ પચાયત,તાલુકા પચાયત અને જિલ્લા કલેકટર નોટીશ ફટકારી યોગ્ય કાર્યવાહી કરે તે જરૂરી છે

પાપ્ત માહિતી અનુસાર ડાંગ જિલ્લાનાં વધઈ તાલુકાનાં ચિચિનાગાવઠા ગ્રામ પચાયતનાં કુકડનખી ગામ માં સંચાલક શ્યામ મહાલા ખાનગી એસ. એસ.માહલા કોલેજની શરૂઆત કરી છે આ કોલેજમાં નસીગનો અભ્યાસ ચલાવવામાં આવે છે કોલેજનાં સંચાલક શ્યામ મહાલા સરકારનાં નિતિ-નિયમોને નેવે મુકી આદિવાસી ખેડુતની જમીન માં એન.એ કર્યા વિના આદિવાસીની જમીન ગેરકાયદેસર બિલ્ડીગ બનાવી દીધુ સંચાલક શ્યામ મહાલાએ જમીન તો એન.એ કરી નથી પરંતુ ગ્રાઊન્ડ ફલોર સાથે બે માળનું બિલ્ડીગ બનાવવા માટે ગ્રામ પચાયત,તાલુકા પચાયત કે મામલતદાર કે જિલ્લા કલેકટર વિભાગ કોઈપણ પ્રકારની પરવાનગી લીધી નથી સીધું બે માળનું પાંકુ ગેરકાયદેસર બિલ્ડીંગ તાણી દીધું છે જે બાબતે ચિચિંનાગાવઠા ગ્રામ પચાયતનાં સરપચ સંકેતભાઈ બંગાળ સાથે વાત કરતાં તેંમણે જણાવ્યું હતું કે એસ.એસ.માહલા નામની કોલેજ કે બિલ્ડીંગનાં બાધકામની પરવાનગી માટે અરજી આવી નથી જો સંચાલકો દ્વારા ગેરકાયદેસર બાધકામ થયેલ હોય તો તેમની સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે ડાંગમાં ભષ્ટ્ર અધિકારી-પધઅધિકારીની રહેમ નજર હેઠળ સરકારનાં નિતિ-નિયમોનું છેદ ઊડાવી ગેરકાયદેસર બની રહેલ એસ.એસ.માહલા કોલેજનાં ગેરકાયદેસર બાધકામ સામે જિલ્લા કલેકટર મુકેશ પટેલ યોગ્ય તપાસ કરાવી કાર્યવાહી કરાવે તો વિધાર્થીઓ અને વાલીઓનાં હિતમાં રહેશે

# પાલનપુર ખાતે જિલ્લા કલેકટર શ્રી વરુણકુમાર બરનવાલની પ્રેરક ઉપસ્થિતિમાં અમૃત આહાર મહોત્સવ ખુલ્લો મુકવામાં આવ્યો



બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી વરુણકુમાર બરનવાલની પ્રેરક ઉપસ્થિતિમાં કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ, પાલનપુર ખાતે ૧૨ ડિસેમ્બરના રોજ અમૃત આહાર મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા જીલ્લાના જુદા જુદા તાલુકાઓમાંથી પ્રાકૃતિક કૃષિ કરતા ૩૨ જેટલા ખેડૂતો પોતાની વેચાણ ઉપજ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનોના વેચાણ અર્થે યોજાયેલા આહાર અમૃત મહોત્સવમાં ખેડૂતોએ જુદી જુદી ઉપજ જેવી કે શાકભાજી, મીલેટસ, કઠોળ, ધાન્ય પાકો, કાચી ઘાણીના સરસવ, સીગતેલ, મધ અને સરગવાનો પાઉડર વગેરે ઉપજો વેચાણ અર્થે મુકવામાં આવી હતી.જેમાં અંદાજીત રૂ. ૫૫૬૦૦/- નુ ૧૨૮૮ કી.ગ્રા. પ્રાકૃતિક કૃષિ ઉપજોનુ વેચાણ થયુ હતુ.આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી વરુણકુમાર બરનવાલે પ્રાકૃતિક કૃષિને બજાર મળતુ થાય અને તેમને સારો એવો બજાર ભાવ મળી રહે અને એક ખેડુત ૧૦ થી ૧૨ પરીવાર સાથે જોડાઈ પરીવારને પ્રાકૃતિક કૃષિ ખેત ઉત્પાદનોની તમામ જરૂરીયાતો પુરી પાડે તેવો ફેમીલી ફાર્મરનો કોન્સેપ્ટ સમજી મદદરૂપ થવા જણાવ્યું હતું. તેમજ વિવિધ એશોશીયેશનના હોદેદારો પ્રાકૃતિક કૃષિ કરતા પ્રગતીશીલ ખેડુતોના ફાર્મની મુલાકાત લે અને જીલ્લામાં એગ્રો ટુરીઝમનો વિકાસ થાય એના પર ભાર મુક્યો હતો. તેમજ મેડીપોલીસ ખાતે ચાલતી કેંટીનમા પ્રાકૃતિક કૃષિ વેચાણની વ્યવસ્થા કરવામા આવશે એમ જણાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી શીવરામભાઈ પટેલ દ્વારા ખેડુતોની ઉપજમાં ખરીદનાર વર્ગ છે, તો ખેડુતો તેમની માગણી અને ભરોસા મુજબ પ્રાકૃતિક કૃષિની ઉપજો પુરી પાડવામા આવે તો કોઈ પ્રશ્ન નથી એમ જણાવી ખરીદનાર વર્ગના તમામ એશોશીયેશન દ્વારા આ બાબતે પૂરતો સહકાર આપવાની ખાતરી આપી હતી.

આ પ્રસંગે પ્રાકૃતિક કૃષિ કરતા ખેડુતો અને જીલ્લાના વિવિધ સંગઠનો જેવા કે ચેમ્બર ઓફ કોમર્સ, રોટરી ક્લબ, લાયન્સ કલબ , હોટેલ એશોશીયેશન, એપીએમસી તેમજ વિવિધ સંગઠનોના હોદેદારો સહિત જીલ્લાના પ્રોજેક્ટ ડિરેક્ટરશ્રી આત્મા, નાયબ ખેતી નિયામક (વિ.) નાયબ બાગાયત નિયામક શ્રી, પાલનપુર તેમજ અન્ય અધિકારીશ્રીઓ અને બહોળી સંખ્યામા ખેડુતો અને ખરીદનાર વર્ગ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે એન.એસ.યુ.આઈ.ના પ્રદેશ પ્રમખ નરેન્દ્ર સોલંકીએ વિદ્યાર્થીઓ અને યુવાનોની વિવિધ સમસ્યાને લઈને મીડીયાને સંબોધન કર્યું




ગુજરાત પ્રદેશ એન.એસ.યુ.આઈ.ના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે, ભાજપ સરકાર લાંબાસમય સુધી ભરતી કરતી નથી અને બીજીબાજુ અચાનક જ શૈક્ષણીક લાયકાતને બદલી નાખે છે તેનાથી ગુજરાતના લાખો બેરોજગાર યુવાનોને અન્યાય થાય છે. સરકાર રોજગારી આપીને બેરોજગારી આંક ઘટાડવા નથી માગતી પણ શૈક્ષણીક લાયકાતો બદલીને બેરોજગારી આંકડો ઘટાડવા માંગે છે. દરેક ભરતીમાં કૌભાંડ પેપરો ફુટવા, મેરીટમાં ગોલમાલ ડમી ઉમેદવારો, અને આ ભાજપના રાજમાં સામાન્ય થઈ ગયું છે એટલે "કૌભાંડ અને કમલમ", "ભ્રષ્ટાચાર અને ભાજપ" સાથે ચાલે છે. તલાટી કમમંત્રીની ભરતી જેતે સમયમાં ભ્રષ્ટાચારની એ.બી.સી.ડી. હતી. આ એ ભાજપ સરકાર છે કે જે તલાટીની ભરતીમાં ૧૫-૧૫ લાખ ભાવ બોલાતો હતો તે આ ભ્રષ્ટ ભાજપ સરકારની ઉત્તમ ઓળખ બની ગઈ. સરકારી ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા ગુજરાતના હજારો યુવાન યુવતીઓ વારંવાર પરીક્ષા રદ થતાં સમય-શક્તિ ના ખર્ચ સાથે આર્થિક પરેશાની ભોગવી રહ્યા છે. સરકારના વિવિધ વિભાગમાં મોટા પાયે કર્મચારીઓની ઘટ ત્યારે આઉટ સોસ'ગ-કોન્ટ્રાક્ટથી ગુજરાતમાં યુવાનોનું આર્થિક શોષણ કરતી ભાજપા સરકાર, મુખ્યમંત્રી કાર્યાલય સહિત વિવિધ વિભાગોમાં આઠ-દસ વર્ષ થી નિવૃત થયેલા અધિકારીઓ-કર્મચારીઓ મહત્વના પદ પર અડીગો જમાવી બેઠા છે, સરકારના મોટા ભાગના વિભાગોમાં અગત્યની જગ્યા પર નિવૃત કર્મચારીઓનો ભરડો હોય બીજી બાજુ સરકારના વિભાગમાં મોટા પાયે કર્મચારીઓની ઘટ.

વધુમાં એન.એસ.યુ.આઈ.ના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે, શિક્ષણ વિભાગમાં ૩૨૦૦૦ શિક્ષકો સાથે મહત્વની જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. આરોગ્ય વિભાગમાં મોટા ભાગના વર્ગ-૩ અને ૪ના કર્મચારી કોન્ટ્રાક્ટ અને આઉટ સોસ'ગથી ચાલી રહ્યાં છે. રાજ્યના મહેસુલ વિભોગમાં ૬ હજાર થી વધુ તલાટીની જગ્યા ખાલી છે. બે-ત્રણ ગામ વચ્ચે એક તલાટીની જવાબદારી સંભાળે છે. વસ્તીના પ્રમાણે કાયદો-વ્યવસ્થા સંભાળતા પોલીસ દળમાં ૪૦ ટકા જેટલી જગ્યાઓ ખાલી છે. રાજ્યની વસ્તીમાં વધારો થયો પણ કર્મચારીઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આઉટ સોર્સિંગ - કોન્ટ્રાકટ એજન્સીઓની સરકારના મંત્રી- સંત્રી સાથેની ગોઠવણના લીધે આઉટ સોર્સિંગ- કોન્ટ્રાકટ નામે ગુજરાતના ૯.૫ લાખ જેટલા યુવાન - યુવતીઓનું મોટા પાયે આર્થિક શોષણ થઈ રહ્યું છે. ત્યારે ભાજપ સરકાર ગુજરાતના લાખો યુવાનોની કારકિર્દી અને જિંદગી સાથે રમત રમવાનું બંધ કરે તેવું તેઓએ જણાવ્યું હતું.આ પ્રસંગે ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ ઋતુરાજસિંહ ચુડાસમા અને ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી મુકેશ આંજણા ઉપસ્થિત રહ્યાં હતાં.



માગશર સુદ બીજ એટલે મા બહુચરનો પ્રાગટય દિવસ ચાંદની ફ્લેટ પાસેના અંબાજી મંદિર માં માતાજી ના અન્નકૂટ નું આયોજન કરવામાં આવ્યું છે રણછોડ મહિલા મંડળ દ્વારા જણાવવામાં આવ્યું છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.